શ્રી રામચંદ્ર મિશન®

# એકોઝ ઈન્ડીયા

જુલાઈ ૨૦૦૮ માત્ર અંગત પ્રકાશન માટ વર્ષ ૧ અંક ૪

પ્રિય અભ્યાસી ભાઈ-બહેનો,

પ્રણામ. સમગ્ર દેશના આશ્રમો ઉનાળાની રજાઓના દિવસો દરમિયાન બાળકો અને યુવાનોના કેમ્પોની પ્રવૃત્તિઓથી ધમધમતા રહ્યા હતા. પૂ.બાબુજીની જન્મજયંતિ દરેક ઝોનમાં કેટલાંક પસંદગીના આશ્રમોમાં ઉજવવામાં આવી હતી. પૂ.માસ્ટરની સીઆઈએસ તથા યુરોપના દેશોની પચાસ દિવસની લાંબી યાત્રાએ સહજ માર્ગની છત્રછાયા હેઠળ લોકોને ભેગાં લાવવાની તેમની પ્રતિબધ્ધતાને ફરી વાર દર્શાવી. આ અંકમાં અમે ઉપરના બનાવોની થોડી ઝલક તેમજ પૂ.માસ્ટરના જન્મોત્સવની લખનૌ ખાતેની તૈયારીઓ વિશે જણાવવાની કોશિશ કરી છે.

સપ્ટેમ્બર અંક માટેના સમાચાર-લેખો મોકલવાની છેલ્લી તારીખ ૧૦/૮/૨૦૦૮ છે. મહેરબાની કરીને તમારું લખાણ ૧૦૦-૧૫૦ શબ્દોમાં લખીને તમારા ઝોન-ઈન-ચાર્જ મારફત મોકલશો.

શુભેચ્છાઓ, -તંત્રીઓ.







## પૂ.માસ્ટરની એપ્રિલ-મે ૨૦૦૮ની યાત્રા

### દિલ્હી



પૂ.માસ્ટર લખનૌથી તા.૧૯ એપ્રિલના રોજ દિલ્હી આવ્યા. ગુરગાંવ ખાતેના ઝોનલ આશ્રમનું નવીનીકરણ તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવ્યું હતું અને પૂ.માલિકની મુલાકાત પહેલાં કામ સમયસર પૂરું થઈ ગયું હતું.

આશ્રમે હવે મોટો મેડિટેશન હોલ, માસ્ટરનું કોટેજ, રસોડું-તેમજ-ભોજનખંડ (સ્ટોર-સહિત), નવા શૌચાલયો, કોંક્રીટના રસ્તા તથા લીલીછમ હરીયાળી સાથે જાણે નવાં જ વાઘા પહેર્યાં હોય, તેમ લાગે છે.



પૂ.માસ્ટરે ૨૦મી એપ્રિલે કોટેજનું ઉદઘાટન કર્યું. તેમને કોટેજની સામે આવેલ લીલીછમ હરીયાળી ખૂબ જ ગમી અને આ ઉદઘાટનને અનુલક્ષીને તેમણે બે છોડ રોપ્યા.

સત્સંગ બાદ પૂ.માસ્ટરે થોડો સમય અભ્યાસીઓ સાથે વાતચીતમાં, નવા શિશુઓના નામકરણમાં, બાળકોને મીઠાઈ વહેંચવામાં, તથા સ્વયંસેવકોને ભેટસોગાદો આપવામાં પસાર કર્યો. બહેન રંજનાના ભજનો પછી તે દિવસના પ્રસંગોનો અંત આવ્યો.

### દુબઈ



દુબઈ પૂ.માસ્ટરની વિદેશયાત્રા માટેનું વિરામસ્થાન બની ચૂક્યું છે. તેનું કારણ એ છે કે પૂ.માસ્ટર તેમના ગંતવ્ય સ્થાનોએ પહોંચવા માટે ટૂંકી હવાઈયાત્રાઓ પસંદ કરે છે.



તા. ૨૨ એપ્રિલના રોજ પૂ.માસ્ટર ભાઈ અજય ભટ્ટર, તથા ભારતના લગભગ ૨૫ અભ્યાસીઓ સહિત દિલ્હીથી હવાઈ માર્ગે દુબઈ પહોંચ્યા. તેઓ એક અભ્યાસીના ફ્લેટમાં રહ્યા અને તે જ મકાનના ભોંયતળિયે આવેલા એક સમાજભવનમાં તેમણે સમૂહ ધ્યાનની કેટલીક સિટીંગો આપી. તેમણે સમય કાઢીને અબુધાબી કેન્દ્રની પણ ટૂંકી મુલાકાત લીધી. તા.૨૫ એપ્રિલે પૂ.માસ્ટરે દુબઈની ઈરાનિયન ક્લબ ખાતે સત્સંગ કરાવ્યો, જ્યાં સમગ્ર યુએઈમાંથી ૩૫૦ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. પૂ.માસ્ટરે પ્રશિક્ષકો દ્વારા થયેલા સારા કાર્યની કદર કરી, કારણ કે કદાચ તેઓ એક કલાક લાંબી ચાલેલી સિટીંગની ગુણવત્તા પરથી તે નોંધી શક્યા. તા. ૨૬ એપ્રિલે પૂ.માસ્ટર મોસ્કો જવા રવાના થઈ ગયા.

## સીઆઈએસ ના અભ્યાસીઓ પર પોતાનો પ્રકાશ ફેલાવતા પૂ.માસ્ટર

લગભગ એક દાયકા પછી, પૂ.માસ્ટરે રશિયા તથા બેલારુસની મુલાકાત લીધી, જેનાથી સીઆઈએસના (અગાઉના યુએસએસઆર / રશિયન ભાષા બોલતા લોકો) અભ્યાસીઓના હૃદયો આનંદથી તરબોળ થઈ ગયાં. મોસ્કોમાં તેમણે "ક્લીઝમા પેન્શનેટ" ખાતે પૂ.બાબુજી મહારાજની જન્મજયંતિના ઉત્સવમાં ભાગ લીધો. ત્યાં એકઠાં થયેલાં ૪૫૦ અભ્યાસીઓની જરૂરીયાતોને આધ્યાત્મિક રીતે પરિપૂર્ણ કરીને તેઓ ખૂબ જ ખુશ હતા. થકવી નાંખનારી યાત્રાઓ અને તેમનાં ઢગલાબંધ રોજિંદા કામોને કારણે ઊભી થતી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ હોવા છતાં તેઓ ખુશમિજાજમાં હતા અને તેમણે અભ્યાસીઓ સાથે (ઘણીવાર શુધ્ધ રશિયનમાં) વાતચીત કરવાનું ચાલુ રાખ્યું હતું અને તેઓ તેમને સહજ માર્ગના શિક્ષણ વિશે તથા સાધના વિશે સમજાવતા રહ્યા. તેમણે મોસ્કો કેન્દ્ર માટે આશ્રમ/ મેડિટેશન હોલ બનાવવાના વિચારને ઠોસ સ્વરૂપ આપ્યું અને તે માટે વ્યક્તિગત રીતે ભંડોળ એકત્રિત કર્યું.

મોસ્કોમાં એક સપ્તાહ પસાર કર્યા બાદ પૂ.માસ્ટરે ૨૫૦ પ્રેમાળ અભ્યાસીઓ સાથે મીન્સ્ક (બેલારુસ) ખાતે ત્યાર પછીના પાંચ દિવસ તેમણે ત્યાં પસાર કર્યા. તેમણે એક યોગકેન્દ્રનો ત્યાં પાયો નાંખ્યો કે જેનું બાંધકામ ભાઈશ્રી આઈગર ઓનીસ્ચેકો કરવાના છે અને તે, મીન્સ્ક કેન્દ્રના સત્સંગ માટે તથા અન્ય પ્રવૃત્તિઓ માટે પ્રાપ્ય રહેશે.

સ્વાસ્થ્ય બરોબર ન હોવાને કારણે પૂ.માસ્ટર મોસ્કો કેન્દ્રના અભ્યાસીઓએ રજૂ કરેલ રંગીન અને પ્રેમભર્યા સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજર ન રહી શક્યા પણ બેલારુસના અભ્યાસીઓએ ખુશનૂમા સૂર્યપ્રકાશમાં તેમની સમક્ષ રજૂ કરેલ નૃત્ય-ગાયનના કાર્યક્રમમાં તેની ભરપાઈ થઈ ગઈ. આ કાર્યક્રમ મીનસ્ક આશ્રમના ચોગાનમાં રજૂ કરવામાં આવ્યો હતો. હકીકતમાં, સંપૂર્ણ યાત્રા દરમિયાન વાતાવરણ સૂર્યપ્રકાશથી પ્રકાશિત રહેવા પામ્યું હતું, જાણે કે પ્રકૃતિએ પૂ.માસ્ટરની તેમના રશિયન ભાષા બોલતા દેશોના પ્રિયજનો સાથેની મુલાકાતને ઉજવવાની ગોઠવણ ન કરી હોય!

SRCM
# એકોઝ ઈન્ડીયા
જુલાઈ ૨૦૦૮ માત્ર અંગત પ્રકાશન માટ વર્ષ ૧ અંક ૪

## યુરોપના દેશો પ્રત્યે પ્રયાણ





લેટેવિયા, કે જે બાલ્ટિક દેશો પૈકીનો એક દેશ છે તથા અગાઉના સોવિયેટ સંઘનો એક ભાગ હતો, જે હવે યુરોપના સમાજનો એક ભાગ બની ગયો છે; તેના પાટનગર રીગા (એક પ્રખ્યાત સમુદ્રતટિય પીકનીક સ્થળ) ખાતે આપણા મિશનનું કેન્દ્ર આવેલું છે, જ્યાં ૪૦ અભ્યાસીઓ છે અને ત્યાં આપણો પોતાનો એક સામાન્ય મેડિટેશન હોલ છે. તા. ૬ઠ્ઠી મે એ, પૂ.માસ્ટર બે દિવસ જેટલા ટૂંકા સમય માટે, હવાઈ માર્ગે, મીન્સ્ક (બેલારુસ)થી રીગા પહોંચ્યા. તેઓ દરિયાકિનારા સામે આવેલી એક હોટલમાં રહ્યા અને તેમણે તેમના હોટલના રૂમમાં ધ્યાનની બે બેઠકો આપી.


પૂ.માસ્ટરને પગમાં તથા પીઠમાં તીવ્ર પીડા થતી હોવા છતાં તેઓ પોતાનો યુરોપનો પ્રવાસ ચાલુ રાખવા માટે કૃતનિશ્ચયી હતા. તેમણે એવું કારણ આપ્યું કે એક વ્યક્તિની સમસ્યા માટે બધાંએ શા માટે સહન કરવું જોઈએ?

પૂ.માસ્ટરનું સ્વાસ્થ્ય જોતાં તેમની યાત્રાનું ટાઈમટેબલ ફરીથી ઘડવામાં આવ્યું. અને ત્રણ સપ્તાહના રોકાણ માટે ડેન્માર્કના વ્રદ સાન્ડે આશ્રમ તરફ તેમણે પ્રયાણ કર્યું. અહીં થોડા જ દિવસોમાં તેમની તબિયતમાં સુધારો થયો અને યુરોપિયન અભ્યાસીઓ જુદી જુદી બેચોમાં (કુલ ૧૨૦૦) તેમને મળવા આવવા લાગ્યાં. વ્રદ સાન્ડે આશ્રમ તેમના બીજા ઘર જેવું છે. તેઓ ઘણીવાર નજીકની જગ્યાઓએ ચાલવા જતા, ક્યારેક આશ્રમથી રસોઈઘર સુધી, ક્યારેક ભોજનખંડ સુધી, તો ક્યારેક ધ્યાનખંડ સુધી. ઘણીવાર તેઓ અભ્યાસીઓ સાથે બહાર પણ બેસતા. જ્યારે પણ તેઓ તેમના કોટેજના પાછલા માળ પરથી સિટીંગો આપતા, ત્યારે અભ્યાસીઓ તે ઊંચી–નીચી ભૂમિ પર, બધે જ ફેલાઈને બેસી જતાં.

પૂ.માસ્ટરે વ્રદ સાન્ડેના આશ્રમને આંતરરાષ્ટ્રીય આશ્રમ જાહેર કર્યો છે. આ બાબત પર તેમણે એક ટૂંકો વાર્તાલાપ રેકોર્ડ કર્યો અને ખાસ કરીને તમામ સ્થળોના યુવાનોને વ્રદ સાન્ડે આશ્રમની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું.







પૂ.માસ્ટરે ૭૦ અભ્યાસીઓ સાથે વ્રદ આશ્રમથી પેરિસ સુધીની ૬૦૦ કિ.મી. લાંબી મુસાફરી મોટરકાર માર્ગે કરી, જે દરમિયાન તેઓ ચાર દેશોમાંથી પસાર થયા અને ૨૬મી મેની સવારે પેરિસ પહોંચ્યા. તેઓ પેરિસની એક હોટલમાં રોકાયા અને ૨૮મી મેના રોજ તેમણે પેરિસ આશ્રમમાં ૨૦૦ અભ્યાસીઓને સિટીંગ આપી.



તે પછીના પાંચ દિવસ પૂ.માસ્ટરે કેલેટમાં, પર્વતોની નજીક આવેલા એક અભ્યાસીના ઘરમાં પસાર કર્યા. ત્યાં તેઓ આરામ કરી શક્યા તથા સ્વસ્થ થઈ શક્યા. પરંતુ તે છતાં પણ તેઓ મોન્ટપેલીયર કેન્દ્ર (આશ્રમ) ખાતે ગયા અને ત્યાં તેમણે ૧૫૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો.

તા.૫મી જૂને પૂ.માસ્ટર આલ્પ્સ પર્વતમાળાનું ૧૩ કિલોમીટર લાંબું બોગદું પાર કરીને મિલાન (ઈટાલી) આવી પહોંચ્યા. તેઓ વચ્ચે આસતા ખાતે, જ્યાં મિશનનું કેન્દ્ર છે, ત્યાં થોડો સમય રોકાયા અને ત્યાં તેમણે ઈટાલિયન ભોજનનો આનંદ લીધો. બીજા દિવસે, તેમણે મિલાન ખાતેના નવા મેડિટેશન હોલનું ઉદ્દઘાટન કર્યું અને તે દિવસે તથા તેના બીજા દિવસે ત્યાં સમૂહ સત્સંગ કરાવ્યો.

તા. ૮મી જૂને પૂ.માસ્ટર તેમની યુરોપ તથા સીઆઈએસની ઐતિહાસિક યાત્રા પૂર્ણ કરીને દુબઈ પાછા ફર્યા, જ્યાંથી તેઓ તા.૧૫ જૂનના રોજ ભારત પાછા ફરવાના હતા.

એસએમએસએફ રીટ્રીટ સેન્ટર, મલમપુઝા

મલમપુઝા (કેરાલા) ખાતે આવેલ રીટ્રીટ કેન્દ્ર તા.૧૪/૪/૨૦૦૮થી શરૂ થઈ ગયેલ છે. મિશનનું આ પ્રથમ રીટ્રીટ કેન્દ્ર છે, પૂણે ખાતે આવેલું બીજું રીટ્રીટ કેન્દ્ર પણ ચાલુ થઈ ગયેલું છે.

આ કેન્દ્રમાં ૪૮ અભ્યાસીઓને રહેવાની વ્યવસ્થા થઈ શકે છે. હોસ્ટેલ બિલ્ડીંગ બે વિભાગોમાં વહેંચાયેલ છે, જેમાં એક સ્ત્રીઓ માટે છે તથા બીજો પુરુષો માટે છે. શક્ય હોય ત્યાં સુધી મોટી ઉંમરની વ્યક્તિઓને નીચેના માળે રાખવામાં આવે છે. ત્યાં રહેતાં અભ્યાસીઓને પલંગ, ગાદલાં તથા ચાદરો આપવામાં આવે છે. સેન્ટરમાં રહેવા માટે કોઈ ચાર્જ હોતો નથી. વ્યક્તિ ઓછામાં ઓછું ૩ દિવસ અને વધુમાં વધુ ૩૦ દિવસ માટે રહી શકે છે. પતિ–પત્ની એક જ સમયે એક જ વિભાગમાં જોડે રહી શકશે નહીં. બાળકોને રહેવાની પરવાનગી નથી.

આ કેન્દ્ર ચેમ્બાના બસ સ્ટોપ પાસે કાવા નામની જગ્યાએ આવેલ છે, જે મલમપુઝા બસ સ્ટેન્ડથી લગભગ ૧૬ કિ.મી. દૂર છે. આ જગ્યા પાલક્કડ જંક્શન રેલવે સ્ટેશનથી આશરે ૧૫ કિ.મી., પાલક્કડ શહેરથી ૨૦ કિ.મી. અને કોઈમ્બતુર હવાઈમથકથી ૫૫ કિ.મી. છે. પાલક્કડથી મલમપુઝા વચ્ચે નિયમિત બસો દોડે છે. કેન્દ્ર પર પહોંચવા માટે મલમપુઝાથી ટેક્સી, જીપ તથા ઓટોરીક્ષા મળી રહે છે. મલમપુઝાથી કાવા જવાની બસ સેવા પ્રાપ્ય છે પણ તે ઘણી અનિયમિત છે. બસ મારફતે આવનારાઓએ ચેમ્બાના બસ સ્ટેન્ડ પર ઉતરીને રીટ્રીટ કેન્દ્ર સુધી ચાલવું પડે છે. પ્રવાસીઓની સુવિધા માટે ચેમ્બાના બસ સ્ટોપ પર એસએમએસએફનું બોર્ડ લગાવેલું છે. નિશાનીઓ ચેમ્બાના બસ સ્ટોપ પર પાવર ટ્રાન્સફોર્મર તરફ લગાવેલી છે.

રીટ્રીટ સેન્ટર માટેની તમારી તારીખો નક્કી કરવા માટે મહેરબાની કરીને નીચે જણાવેલ વેબસાઈટની મુલાકાત લો:
Http://sahajmarg.org/welcome/retreat/index.html

આપણાં ગુરુદેવ – મોસ્કો ખાતે પ્રકાશિત




પૂ.માસ્ટરે મોસ્કો ખાતે તા.૩૦ એપ્રિલ ૨૦૦૮ના રોજ "આપણાં ગુરુદેવ" શીર્ષક ધરાવતા પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તકમાં એવાં અભ્યાસીઓએ લેખ લખેલાં છે, જેઓ ઘણાં વર્ષોથી પૂ.માસ્ટર સાથે રહેલાં છે અને જેમણે પોતાના યાદગાર અનુભવો અને લાગણીઓ તેમાં વર્ણવેલ છે.

## લખનૌ



પૂ.માસ્ટરે તા.૧૬ એપ્રિલે લખનૌની મુલાકાત લીધી હતી અને ઉત્સવના વાતાવરણમાં નવા બંધાયેલા "માસ્ટર્સ કોટેજ"નું ઉદ્દઘાટન કર્યું હતું. બે એકરના વિસ્તારમાં બંધાયેલા આ કોટેજની આસપાસ પુષ્કળ લીલોતરી છે. જુદા જુદા શહેરોમાંથી આવેલ ૪૦૦૦ ડેલિગેટોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## જુલાઈ ઉત્સવ હવે ગણતરીના દિવસોમાં

અમને તમામ વાચકોને એ યાદ કરાવવાનું ગમશે કે આગામી તા.૨૩ જુલાઈથી તા.૨૫ જુલાઈ ૨૦૦૮ સુધી લખનૌ (ઉ.પ્ર.) ખાતે પૂ.માસ્ટરનો ૮૧મો જન્મોત્સવ ઉજવવામાં આવનાર છે. આ ઉત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલુ છે અને અત્યાર સુધીમાં આખા દેશમાંથી ૨૫,૦૦૦ ડેલિગેટો નોંધાઈ ચૂક્યા છે. આ આંકડો ૩૫,૦૦૦ સુધી જવાની સંભાવના છે.

લખનૌ આશ્રમ સીતાપુર–હરદોઈ બાય–પાસ રોડ પર આવેલો છે. તેની નજીક ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ છે અને તે ૧૦૦ એકર જેટલી જમીન પર ફેલાયેલો છે. આ જગ્યા લખનૌ રલવે સ્ટેશનથી લગભગ ૨૦ કિ.મી. દૂર અને એરપોર્ટથી ૨૫ કિ.મી. જેટલી દૂર છે. તમામ અભ્યાસીઓને આ બંને ઠેકાણેથી લાવવા તેમજ લઈ જવાની વ્યવસ્થા થઈ ગઈ છે.

લખનૌમાં જુલાઈ માસમાં વાતાવરણ ગરમ તથા ભેજવાળું હોય છે, તેથી તમામ અભ્યાસીઓને રેઈનકોટ, છત્રી તથા હાથ–પંખા લાવવાની ખાસ સલાહ છે, જેથી તેમને અગવડ ન પડે. વોટરપ્રુફ તંબૂઓ ૧,૫૦,૦૦૦ ચો.ફૂટના મેડિટેશન હોલને તથા ૧,૦૦,૦૦૦ ચો.ફૂટના રસોડા તથા ભોજનખંડને આવરી લેશે. અન્ય અગત્યની સગવડો, જેવી કે મેડિકલ સેન્ટર, એમ્બ્યુલન્સ સેવા, બેંકીંગ તથા ઈન્ટરનેટ સેવા, વિશાળ કેન્ટીન, ચિલ્ડ્રન્સ કોર્નર, બુક સ્ટોર તથા રજીસ્ટ્રેશન કાઉન્ટર વિગેરે પૂરી પાડવામાં આવશે.


તમામ અભ્યાસી ભાઈબહેનો માટે રહેવા માટેની સામાન્ય સગવડ નિ:શુલ્ક રહેશે. ગાદલાં ભાડેથી મળશે તથા વેચાણથી પણ મળશે, જેની ફાળવણી, વહેલો તે પહેલો, અનુસાર કરવામાં આવશે. ગાદલાં, ખાટલાં, ઓશીકાં, ચાદર તથા મચ્છરદાની સાથે સજ્જ કમ્ફર્ટ ડોર્મેટરિ પણ પ્રાપ્ય છે.

જે અભ્યાસીઓના ઉત્સવ દરમિયાન લગ્ન થવાના છે, તેમના પરિવારો તથા જે અભ્યાસીઓ પોતાની લગ્નજયંતિ ઉજવવાના છે, તે સૌની સગવડ માટે, તેમના સવારના નાસ્તા તથા સાંધ્ય ભોજનની વ્યવસ્થા અલગ રાખવામાં આવી છે.

ઉત્સવ પહેલાંના અને પછીના કામ માટે ઘણાં સ્વયંસેવકોની જરૂર પડશે. એવું લાગે છે કે ૩,૦૦૦ કરતાં ય વધુ બાળકો હાજર રહેશે, તેથી તેમની કાળજી રાખવા માટે તાલીમ પામેલાં સ્વયંસેવકોની ખાસ જરૂર છે. અમે આપણાં તમામ કેન્દ્રોને વિનંતી કરીએ છીએ કે ઈચ્છુક સ્વયંસેવકોના નામો તેઓ નીચેના ઈમેલ એડ્રેસ પર મોકલે: mehrotrashyamji@yahoo.co.in

આ ઉત્સવને જબરદસ્ત રીતે સફળ બનાવવા અમને તમારા ટેકા અને સહાયની જરૂર છે. આવો, આપણે આ પવિત્ર પ્રસંગને યાદગાર બનાવીએ.

# પૂ.બાબુજીનો ૧૦૯મો જન્મજયંતિ ઉત્સવ



## માયસોર

જ્યારે માયસોર, હાસન, હુન્સુર, હાનુર, ચિકમગલુર, કોલેગટ, બેંગલોર, પેરીયાપટના, કુશલનગર, ટી.નરસીપુરા તથા ચામરાજનગર કેન્દ્રોના ૪૫૦ અભ્યાસીઓ પૂ.બાબુજીની જન્મજયંતિ ઉજવવા એકસાથે ભેગાં થયાં, ત્યારે માયસોરનો પ્રાદેશિક આશ્રમ તા.૩૦ એપ્રિલના રોજ જીવંત બની ગયો હતો.

બે સત્સંગ ઉપરાંત અભ્યાસીઓએ આ દિવસ ઉપયોગી રીતે પસાર કર્યો



હતો. તેમણે પૂ.બાબુજીના જીવન અને ઉપદેશો પરનો એક વિડિયો જોયો હતો. તેમાં બહેન કલ્પના દ્વારા રજૂ કરાયેલાં પૂ.બાબુજી મહારાજના કેટલાંક ફોટાઓનો ઉમેરો થયો હતો. આજ વિષય પર હુન્સુર કેન્દ્રના અભ્યાસીઓએ એક ક્વીઝના કાર્યક્રમનું આયોજન કર્યું. ત્યારબાદ બાળકો દ્વારા ગીતો, નાનાં નાટકો, પ્રાર્થના તથા વાર્તાલાપોનું આયોજન થયું હતું. નાનાં બાળકોને આપણી સાધના પધ્ધતિ તથા આપણાં ગુરુઓ વિશે આટલાં અસરકારક રીતે બોલતાં સાંભળવા, એ ખરેખર હ્રદયગમ્ય હતું.

એ કહેવાની જરૂર નથી કે સમગ્ર વાતાવરણ જાણે કે પૂ.માસ્ટરની હાજરી હોય તે રીતે 'ચાર્જડ' થઈ ગયું હતું તેથી ત્યાં ભેગાં થયેલાં તમામ અભ્યાસીઓને આધ્યાત્મિક રીતે ખૂબ જ લાભ મળ્યો હતો.

## ઉત્તરાખંડ

હિમાલયમાં આવેલો આ પર્વતિય પ્રદેશ પૂ.બાબુજીની જન્મજયંતિના પ્રસંગે બાબુજીના નામથી ગુંજી ઉઠ્યો હતો. મિશનના હિમાલયન આશ્રમ સતખોલની નજીકના કેન્દ્રોનાં ૧૪૦ જેટલાં અભ્યાસીઓ ભેગાં થયાં હતાં અને તેમણે આ દિવસ ભક્તિભાવ તથા ઉત્સાહ સાથે ઉજવ્યો હતો. રાજ્યની રાજધાની દહેરાદૂનમાં સત્સંગ, ભજન, વિડિયો તથા વક્તવ્યો દ્વારા બાબુજી મહારાજના જીવન અને શિક્ષણ પર વાર્તાલાપો યોજવામાં આવ્યાં હતાં. અન્ય કેન્દ્રો જેવાં કે રુરકી, પિથોરાગઢ, હલદ્વાની તથા કાશીપુરમાં પણ આ દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

## કોલ્હાપુર

કોલ્હાપુર, સતારા, મીરજ અને પૂણેના અભ્યાસીઓ અહીં ઉત્સાહભેર ભેગાં થયાં હતાં બેલગામ, ગુલબાર્ગા તથા ગોંદિયા(મહારાષ્ટ્ર)ના પણ થોડાં અભ્યાસીઓ અહીં આવ્યાં હતાં. દિવસના બે સત્સંગ વચ્ચે, પૂ.બાબુજીના જીવન અને શિક્ષણ પર અભ્યાસીઓએ વક્તવ્યો આપ્યા હતા. બહેન નૂરી તથા ભાઈ ગોપાલે, પૂ.લાલાજી મહારાજની સારસંભાળ હેઠળના તેમના ભૌતિક જીવન તથા આધ્યાત્મિક વિકાસ વિશે કહ્યું હતું. બહેન લતા પાટિલે બાબુજી મહારાજ તથા તેમના મુખ્ય શિષ્ય, એટલે કે આપણાં માસ્ટર વિશે વાતો કરી હતી. ભાઈ એ.એન.કુલકર્ણી, બહેન અરૂંધતી કાલે તથા ભાઈ સુધાકર જોષીએ પૂ.બાબુજી મહારાજ સાથેના પોતાના હ્રદયસ્પર્શી અનુભવો વર્ણવ્યા હતા.

બહેન સ્નેહા રાજુરીકરના ભજનો સાથે ઉજવણીનો દિવસનો કાર્યક્રમ પૂરો થયો. તમામ કેન્દ્રોના અભ્યાસીઓએ સ્વયંસેવકો તરીકે, થાક્યા વિના કામ કર્યું હતું અને આ ઉત્સવ એક સફળ પ્રસંગ બને તેની ખાતરી કરી હતી.

## વડોદરા

વડોદરા સેન્ટરના યજમાનપદે ગુજરાત ઝોનના લગભગ ૧૩૦૦ અભ્યાસીઓ માટે ઉત્સવનું આયોજન થયું હતું. પ્રકૃતિએ પોતાની પ્રેમાળ કૃપા હળવા વરસાદ સાથે વરસાવી હતી. સૌને ગહન ઊંડાણનો અનુભવ કરાવનારા સત્સંગ પછી, ધ્યાનમાં નરમ થયેલાં હ્રદયો "માસ્ટર્સ ચોઈસ"ની સીડીમાંનું હ્રદયસ્પર્શી સંગીત સાંભળીને પીગળી ગયાં હતાં. પૂ.માસ્ટરે તાજેતરમાં ગોવા ખાતે આપેલ સંદેશને અંગ્રેજી તથા ગુજરાતીમાં વાંચી સંભળાવવામાં આવ્યો હતો.

ભાઈ સુરેશ રાજગોપાલને પૂ.માસ્ટર સાથેની કાયમી આંતરિક જોડાણ રાખતી કડી સ્થાપવાની જરૂરીયાત પર તથા ધ્યાન ન કરતાં હોઈએ, તે સમય દરમ્યાન પણ તેમની હાજરી અનુભવવાની જરૂરીયાત પર ભાર મુક્યો હતો. તેમણે સૌને આધ્યાત્મિકતાને પ્રાથમિકતા આપવા માટે તથા અસરકારક પ્રગતિ કરવા માટે આધ્યાત્મિકતાને પોતાની જાતના એક હિસ્સા તરીકે બનાવવા માટેનો ઉત્સાહ પેદા કરવા, પ્રોત્સાહિત કર્યા હતા. ભાઈ રાજેન્દ્ર રાઠોડે તેમના "સ્વયંસેવક બનવું –પ્રગતિનો આદર્શ માર્ગ" વિષયના વક્તવ્ય દ્વારા અભ્યાસીઓને જુલાઈ ૨૦૦૮ના ઉત્સવ માટે, સ્વયંસેવક તરીકે પોતાના નામો આપવા માટે પ્રેરણા આપી હતી.

બપોરના ભોજન બાદ અભ્યાસીઓ આણંદ, અંકલેશ્વર, ભરૂચ, ભાવનગર તથા વડોદરા સેન્ટરોએ રજૂ કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળવા ભેગાં થયાં. સાંસ્કૃતિક કાર્યક્રમમાં અભ્યાસીઓ તથા તેમનાં બાળકો દ્વારા ગીતો, નાટિકાઓ તથા નૃત્યના કાર્યક્રમો રજૂ થયાં હતાં.

નાનકડા ચાના વિરામ બાદ બહેન સુમન દવે, ભાઈ ભરત તન્ના તથા ભાઈ પુનિત લાલભાઈ દ્વારા "સહજ માર્ગના વિકાસને વેગ આપવામાં બહેનોની ભૂમિકા", "સાધનામાં નિયમિતતા" તથા "સહજમાર્ગમાં યુવાનોની ભૂમિકા" જેવાં વિષયો પર વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ બાબુજી મહારાજની યુરોપની યાત્રા પરના એક વિડિયોનું આયોજન કરવામાં આવ્યું હતું.



SRCM **એકોઝ ઈન્ડીયા** ઝોનલ રાઉન્ડઅપ

જુલાઈ ૨૦૦૮ માત્ર અંગત પ્રકાશન માટ વર્ષ ૧ અંક ૪

## ઓપન હાઉસ સેશન્સ

### મેંગલોર



તા.૩જી એપ્રિલ ૨૦૦૮ના રોજ મેંગલોરની ચેતના સ્કૂલમાં ઓપન હાઉસ સેશન રાખવામાં આવ્યું હતું. આ મુખ્યત્વે વિદ્યાર્થીઓના માતા–પિતા માટે હતું. સેન્ટર–ઈન–ચાર્જ બહેન ગીતા આચાર્યની મદદ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમ પાછળ, શાળાના એક ઉત્સાહી ટ્રસ્ટી ડો.સબીતાની પ્રેરણા પાયામાં હતી.

મિશનના પ્રશિક્ષક અને નજીકની ઉપીંગડી ગામની કોલેજના પ્રોફેસર બહેન વસંતકુમારીએ શ્રોતાઓ સાથે વાતચીત દ્વારા કાર્યક્રમ શરૂ કર્યો. કાર્યક્રમમાં જે વિષયોનું સંયોજન થયું હતું, તે હતાં, લોકો અને બાળકોને સમજવા, તેમની દ્રઢતા અને નબળાઈને સ્વીકારવી તથા ધૈર્યની જરૂરીયાત અને પ્રેમ આધારિત ધૈર્ય. જીવનના યોગ્ય વલણોના વિકાસમાં આધ્યાત્મિકતા કેવી રીતે મદદ કરે છે, તે વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત વાલીઓનો પ્રતિભાવ હકારાત્મક અને ઉત્સાહસભર હતો.

### કરકાલા



૧૮મી મે ૨૦૦૮ના રોજ, કરકાલામાં આવેલા એનીકેરેમાં, ભાઈ રામાનન્દ ભાટના ઘરે ઓપન હાઉસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં ૨૦ મહેમાનો હાજર હતા. મેંગલોરના બહેન પુષ્પાએ સહજ માર્ગ પધ્ધતિ વિશે પરિચય આપ્યો હતો અને સંતુલિત જીવનમાં રસ ધરાવનારને સહજ માર્ગ શું આપે છે, તે વિશે કહ્યું હતું. તેમણે વૈદિક સાહિત્ય, ભગવતગીતા અને બૌધ્ધધર્મના ઉમદા ઉદાહરણો દ્વારા અને કેટલાંક ભજનોનાં ઉલ્લેખ દ્વારા તેમનું વક્તવ્ય પૂરું કર્યું હતું.

### ઉડીપી

રોબોસોફ્ટ કોન્ફરન્સ હોલમાં 'સારા જીવન માટે ધ્યાન'ના પ્રેઝન્ટેશન વખતે રોબોસોફ્ટના ૧૦૦થી પણ વધારે કર્મચારીઓ હાજર રહ્યા હતા. ભાઈ રામાનન્દ ભાટે સહજમાર્ગનો પરિચય આપ્યો અને ભાઈ મોહનને આમંત્રિત કર્યા, જેમણે સારા જીવન માટે સહજ માર્ગ શું આપી શકે, તેની વિગતવાર રજૂઆત કરી હતી. ભાઈ મોહને ધ્યાન વિશે, ધ્યાનના ઈતિહાસ વિશે, ધ્યાનની જરૂરિયાત વિશે, માનવજીવનની ઉત્પતિ વિશે અને આજના જમાનાને અનુરૂપ રૂપાંતરિત કરેલ રાજયોગ પર આધારિત સહજ માર્ગ પધ્ધતિ વિશે માહિતી આપી હતી.

ધ્યાન પધ્ધતિની શરૂઆત કરવા ૪૪ જણ તત્પર હતા અને ૯મી જૂનથી સિટીંગની શરૂઆત થઈ શકે, તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

## એક પગલું આગળ – દેવનાગરે સેન્ટર, કર્ણાટક

પૂ.માસ્ટરના આશીર્વાદ અને મંજૂરી સાથે તા.૨૪મી જાન્યુઆરી ૨૦૦૮ના રોજ, દેવનાગરે સેન્ટરે દોદાભા ગામમાં બે એકર એગ્રીકલ્ચરલ જમીન ખરીદી હતી, જે દેવનાગરે અને હરિહર શહેરથી ૮ કિ.મી. દૂર છે.

અહીં આ બંને સેન્ટરો માટે આશ્રમ ઉપલબ્ધ થવાની શક્યતા છે. આ ઉપરાંત, અભ્યાસીઓના રહેઠાણ માટે અઢી એકરની બીજી જમીન પણ ખરીદવામાં આવી હતી.

નીચેનો ફોટો જમીનની બાજુના ઢોળાવ પરથી લીધેલો છે. ફોટામાં લાલ રંગનું ચોરસ – જે '૧' દર્શાવે છે, તે જગ્યા મિશન માટે છે અને '૨' દર્શાવતી જગ્યા અભ્યાસીઓના રહેઠાણ માટે છે.




## પ્રસ્તાવના, સોલાપુર આશ્રમ (મહારાષ્ટ્ર)



૬ જુલાઈ ૨૦૦૩ના બાબુજી મહારાજના સંદેશામાં તેમણે કહ્યું હતું, "હવેના દસકામાં આશ્રમોની સંખ્યામાં વધારો થશે. આ ઊભી થઈ રહેલી માંગને પહોંચી વળવા બાંધકામ કરવું, એ ડહાપણનું કામ છે."

સોલાપુર સેન્ટરના અભ્યાસીઓએ ૨૯મી મેના રોજ આ દિશામાં એક પગલું આગળ ભર્યું અને દોઢ એકર જમીન ખરીદીને મિશનને ભેટ આપવામાં આવી, કે જેથી જરૂર પડે ત્યારે ત્યાં આશ્રમ બાંધી શકાય. આ સ્થળ અકાલકોટ રોડ પર, સોલાપુરથી પાંચ કિલોમીટર દૂર છે.

રજીસ્ટ્રેશન વિધિ દરમિયાન તેમજ અભ્યાસીઓ માટેના કાર્યક્રમો દરમિયાન, મિશનના જોઈન્ટ સેક્રેટરી ભાઈ શ્રી એ.પી.દુરાઈ અને ઝોન–ઈન–ચાર્જ ભાઈ એસ.વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા. સોલાપુર, બર્ષી, ઓસ્માનાબાદ, લાતુર અને અઉસામાંથી કુલ મળીને ૧૨૦ અભ્યાસીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા. હાજર રહેનારામાંથી નોંધપાત્ર વ્યક્તિ હતી, બહેન અનસૂયા રામચન્દ્રન, જેઓ વર્ષો પહેલાં, સોલાપુરમાં પ્રથમ પ્રશિક્ષક તરીકે સેવા આપી ચૂક્યા હતા.

SRCM

# એકોઝ ઈન્ડીયા

ઝોનલ રાઉન્ડઅપ

જુલાઈ ૨૦૦૮ માત્ર અંગત પ્રકાશન માટ વર્ષ ૧ અંક ૪

## સમર કેમ્પ

### બેંગલોર

તા.૨૪મી મે ૨૦૦૮ના રોજ, ૩થી ૧૮ વર્ષની વયજૂથના ચાળીસ બાળકોએ બાનશંકરી આશ્રમ ખાતે એક-દિવસના સમર-કેમ્પમાં ભાગ લીધો હતો, જેને વાલીઓ, સ્વયંસેવકોએ સમર્થન આપ્યું હતું. દિવસની શરૂઆત પરિચય દ્વારા થઈ હતી. પછી દરેક જૂથમાં ૨૦ની સંખ્યા પ્રમાણે, વય મુજબ, બે ભાગમાં બાળકોની વહેંચણી કરવામાં આવી હતી. કેમ્પમાં વિવિધ રમતો રમાડવામાં આવી હતી, જેવી કે મગજ-કસો, ૯/૯ ચોકઠામાં જૂથમાં રમી શકાય તેવી વાતચીતની રમતો, વગેરે. પછી એક કલાચિત્ર તૈયાર કરવાનું હતું, જેનું બીબું પ્લાસ્ટર-ઓફ-પેરિસમાંથી બાળકના પંજા પરથી બનાવવામાં આવ્યું હતું અને તેના પર બાળકોએ ચિત્ર કરવાનું હતું, ચિત્ર કરવા માટે માત્ર કેટલીક મર્યાદિત સાધન-સામગ્રી જ આપવામાં આવી હતી. બાળકોએ પછીનો આખો દિવસ ગીતો ગાવામાં, ક્રિકેટ રમવામાં, ડોગ-એન્ડ-બોન જેવી તેમ જ બાળકોએ પોતે બનાવેલી વિવિધ રમતો રમવામાં ગાળ્યો હતો. વીબીએસઈ ના સ્વયંસેવકોએ બધાંનું સંકલન કરી, મૂલ્યો દર્શાવવાનો પ્રયત્ન કર્યો હતો. બાળકોને અપાયેલા નાસ્તાના આયોજનની વિશેષ કાળજી લેવામાં આવી હતી, સવારે તેમને શક્તિવર્ધક પીણું આપવામાં આવ્યું હતું, તેમજ બપોરના સમયે આઈસક્રીમ અને ફ્રૂટસેલાડ આપવામાં આવ્યાં હતાં. આખો દિવસ આનંદથી ભરપૂર બની રહ્યો હતો, સૌ એકબીજા સાથે હળીમળી, વિચારોથી સમૃધ્ધ બન્યા હતા.





### થિરૂવનન્થપુરમ

૨૦ એપ્રિલના રોજ, થિરૂવનન્થપુરમ (કેરાલા) સેન્ટર દ્વારા બાળકોને તેમના માતા-પિતા સાથે આખા દિવસના કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. આપણા સ્વયંસેવકોએ ઘેરઘેર ફરીને બાવન બાળકોને આમંત્રિત કર્યા હતા, જેમાં અભ્યાસી કુટુંબોમાંથી માત્ર ૧૨ બાળકો હતા. આ સૌ બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક, વાર્તાકથન, ચિત્રકામ અને રમતો જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. અભ્યાસીઓના બાળકોએ 'નાણાં પાછળ વ્યર્થ દોડધામ' વિષય પર એક સુંદર નાટક ભજવ્યું હતું.

સૌને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. બાળકો પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હતા, જ્યારે મોટાંઓએ આધ્યાત્મિકતા અને સહજ માર્ગ ધ્યાન વિશે માહિતી મેળવી હતી. દિવસના અંતે, ઘણાં બધાંએ સહજ માર્ગ પધ્ધતિમાં જોડાવાની ઈચ્છા દર્શાવી હતી.





### અમદાવાદ

અમદાવાદ સેન્ટરમાં અભ્યાસીઓના બાળકો માટે નિયમિત રીતે દર વર્ષે સમર-કેમ્પ યોજવામાં આવે છે. તા.૨૬થી ૨૯ મે દરમિયાન યોજાયેલા આ ૪ થા કેમ્પમાં આ વર્ષે ૩૪ બાળકોએ ભાગ લીધો હતો. કેમ્પનો મુખ્ય હેતુ એ હતો કે બાળકો એકબીજાને મિત્રો બનાવે તે ઉપરાંત તેમની સર્જનાત્મક શક્તિને પણ ખીલવા દે, તેવું વાતાવરણ પૂરું પાડવું.

પ્રવૃત્તિઓમાં સર્જનાત્મક વાર્તાલેખન, ટ્રેઝરહન્ટ, હસ્તકળા, કુંભારકામ અને ક્વીઝના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. બાળકોએ ઈસ્કોન મંદિરની મુલાકાતનો લ્હાવો લીધો હતો, જેમાં ભગવાન શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર ચિત્રો દ્વારા આલેખવામાં આવ્યું છે. પછી તેમણે સુંદરવન નેચર પાર્કની મુલાકાત લીધી હતી અને ત્યાં તેમણે સાપના જીવન અને ખાસિયતો વિશે માહિતી મેળવી હતી. છેલ્લે દિવસે તેમણે વાસણો માંજવાનું શીખવા પ્રયત્ન કર્યો હતો અને તેમને ખોરાક અને પાણી જેવી મૂળભૂત જરૂરિયાતોની જાળવણી અંગે શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ આનંદભર્યા સમર-કેમ્પનો મહત્ત્વનો લાભ હતો, કલાત્મક હુન્નર અને પર્યાવરણ અંગે જાગૃતિ.





### નાંજનગઢ



નાંજનગઢ મૈસુર પાસે આવેલું એક નાનકડું ગામ છે. છેલ્લા ૩ વર્ષથી યોજાય છે, તેમ આ વર્ષે પણ, તા.૧૩મી એપ્રિલથી રોજ સવારે ૯ થી બપોરે ૧૨ના સમયગાળામાં આપણાં મિશનના સ્વયંસેવકો દ્વારા શાળાઓના બાળકો માટે એક મહિનાનો સમર-કેમ્પ આયોજવામાં આવ્યો હતો. કેમ્પનું સ્થળ હતું, શ્રી નીલકંઠેશ્વર એજ્યુકેશન સોસાયટી સ્કૂલ.

સવારની શરૂઆત મિશનની પ્રાર્થનાથી કરવામાં આવતી હતી. પછી બાળકોને વિવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખવામાં આવતા, જેમ કે ચિત્રકામ, હસ્તકલા, ગીત, સંગીત, ક્વીઝ, વગેરે. આજુબાજુના ગામોમાંથી અને જુદી જુદી શાળાઓમાંથી ૧૫૦ બાળકોએ ભાગ લીધો હતો. વાલીઓ માટે બાળકોએ તૈયાર કરેલી વસ્તુઓ તથા પ્રોજેક્ટનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.

૧૫મી મેના રોજ, કાર્યક્રમની પૂર્ણાહુતિ હતી અને પ્રદર્શનની ઉદઘાટનવિધિ માટે ભાઈ પ્રભાકર બેંગલોરથી આવ્યા હતા. મૈસુરના ભાઈ શ્રીનિવાસ અને બહેન રત્ના ભટ્ટાચારજી, તેમજ શાળાના હેડમીસ્ટ્રેસ, આ કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. સંસ્થાના પ્રમુખશ્રી કે.બી.સોમશેખરે તેમના વક્તવ્યમાં જણાવ્યું કે બાળકોમાં મૂલ્યો સ્થાપિત કરવાનો આ યોગ્ય સમય છે, આધુનિક ટેકનોલોજીને કારણે આજના સમાજમાંથી મૂલ્યો ગાયબ થઈ ગયા છે.

## કિશોરો માટે રજાનો સમય, અમદાવાદ

કિશોરાવસ્થા એ એવી વય છે કે જેમાં બાળક જીવનના ઉંબરે ઊભો હોય છે અને જીવનની આંટીઘૂંટીથી બાળક ગૂંચવાઈ શકે છે. મૂલ્યોના અનુસ્થાપનની જરૂરીયાતને કારણે, અમદાવાદના ૧૯ કિશોરોએ તા.૨૪ અને તા.૨૫ મેના રોજ અમદાવાદના આશ્રમ ખાતે યોજવામાં આવેલી એક વર્કશોપમાં ભાગ લીધો હતો. જૂથ દ્વારા જ શિક્ષણ મળે તેવો વર્કશોપનો હેતુ હોવાથી, ભાગ લેનારાઓએ જ પ્રવૃત્તિનું સમયપત્રક બનાવ્યું હતું અને તેમણે પોતે જ, કાર્ય પાર પાડવાની આવડત, નાણાંકીય બાબતો, મૂલ્યાંકન અને અહેવાલલેખન જેવાં, જુદાં જુદાં કાર્યો પોતાને ભોગે ફાળવ્યા હતા.

ગુસ્સો, હતાશા, નકારાત્મક વલણો, વગેરે જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ પર કેવી રીતે નિયંત્રણ રાખવું જોઈએ, તે વિશે બાળકોએ એક નાની નાટિકા દ્વારા રજૂઆત કરી હતી. બાળકોને કહેવામાં આવ્યું હતું કે તેઓ ૧૦,૦૦૦ રૂપિયાનું ઘર માટેનું બજેટ બનાવે –જે તેમણે રજૂ કર્યું હતું. આ ખૂબ જ રોમાંચિત કરનારી બાબત હતી. આનાથી તેમને પૈસાની કિંમત અને માતા–પિતા પર લદાતી આર્થિક પાબંધી સમજાઈ હતી અને આનાથી તેમને જરૂરીયાતો અને ઈચ્છાઓ વચ્ચે વિવેકબુધ્ધિથી ભેદ પ્રાપ્ત કરવાની સમજ પ્રાપ્ત થઈ હતી. મિશનના પુસ્તકો તેમ જ સામાયિકોના વાંચન પછી આલેખ દ્વારા, કેટલાંક વિષયો જેવાં કે નૈતિકતા, શિસ્ત અને સત્ય વિશે વ્યક્તિગત પ્રેઝન્ટેશન રજૂ કરવામા આવ્યાં હતાં. જૂથમાં રમી શકાય તેવી રમત દ્વારા જીવનના કાર્યોની અગ્રતા રજૂ કરવામાં આવી હતી.

ડો.જિતેન્દ્ર જેતવાએ સ્મૃતિવર્ધન વિશે કહ્યું હતું અને ભાઈ શ્રી ખરે ભાગ લેનારાઓ સાથે સ્વયંસેવકના કાર્યો વિશે તેમ જ વ્યવહારિકતામાં તેના સ્પષ્ટીકરણ વિશે સમજાવીને વાત કરી હતી. ત્યાર બાદ કિશોરોએ તેમને સોંપવામાં આવેલાં જુદા જુદા કાર્યો પૂરા કર્યાં. ભાઈ સુરેશ રાજગોપાલન ચારિત્ર્યઘડતર કરે તેવા મૂલ્યો વિશે અને દરેકમાં પરિવર્તન લાવતી મિશનની પ્રાર્થનાની ઉપયોગીતા વિશે વિગતવાર સમજાવ્યું હતું.

વાલીવર્ગના દબાણ વગર, કાર્યસ્વાતંત્ર્યની જરૂરીયાત, ભાગ લેનારાઓ પર બહુ સ્પષ્ટ રીતે ઉપસી આવેલ જણાતી હતી. આ જોઈને વ્યવસ્થાપકોને લાગ્યું કે શું વાલીવર્ગ માટે પણ આવી વર્કશોપની જરૂર છે ખરી!




## સહજ કેમ્પ, હૈદ્રાબાદ

૯થી ૧૯ વર્ષનાં બાળકો માટે, તા.૯–૫–૦૮ થી તા.૧૧–૫–૦૮ દરમિયાન થુમકુન્ટા ખાતેના ઝોનલ આશ્રમ પર બાળકો માટે સહજ–કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસ દરમિયાન બાળકોએ ખૂબ ઉત્સાહભેર રમતો તેમજ મૂલ્ય આધારિત અને વિચારવર્ધક ચર્ચાઓમાં ભાગ લીધો હતો અને લાઈબ્રેરીમાં પુસ્તકવાંચનનો લ્હાવો લીધો હતો. ઉનાળાની સખત ગરમીને જોઈને બપોરના સમયે, બાળકોને મકાનની અંદર રમાય તેવી રમતો અને પ્રવૃત્તિઓમાં (જેમ કે ચેસ, કેરમ, ઉખાણા, કાતરકામ, વૈદિક ગણિત, વગેરે) રોકાયેલા રાખવામાં આવ્યા હતા અને સાંજનો સમય, ખુલ્લા મેદાનમાં, પ્રવૃત્તિઓ માટે ફાળવવામાં આવ્યો હતો.

મોટા બાળકોએ ખાસ રમતો માટે પોતાની પસંદગી જણાવી હતી, જ્યારે નાના બાળકોએ ખુશીથી બધી જ રમતોનો આનંદ માણ્યો હતો. શનિવારે સાંજે અને રવિવારે બપોરે બાળકોએ ફિલ્મની મજા પણ માણી હતી. પોતાના સૂચનો અને મંતવ્યો છૂટથી દર્શાવવા માટે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ઈન્દોર




૧૮ મે ૨૦૦૮ના રોજ યુવકો માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો, આપણા મિશનના સાહિત્યમાં રહેલા અગાધ જ્ઞાન અને બોધના છુપા ખજાનાને સૌની સમક્ષ રજૂ કરવો. કાર્યક્રમની પૂર્વતૈયારી ૩ અઠવાડિયા પહેલાથી જ શરૂ થઈ ચૂકી હતી અને જેમાં ૨૫ યુવકોએ ભાગ લેવા માટે રસ દર્શાવ્યો હતો. ભાગ લેનારાઓને ચાર જૂથમાં વહેંચવામાં આવ્યાં હતાં, પ્રેમ, વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિ. દરેક જૂથને એક પુસ્તક આપવામાં આવ્યું હતું અને તેમાંથી તેમણે રજૂઆત કરવાની હતી. આ જૂથોનું સહ–સંચાલન ભાઈ સુરેન્દ્ર ત્રિપાઠી, ભાઈ ભૂપેન્દ્ર ભાટોર, ભાઈ સચીન ખાંડેકર અને ભાઈ અમિત ભાટોર દ્વારા કરવામાં આવ્યું હતું. દરેક જૂથમાં એક સીનીયર અભ્યાસી પોતાની સમજ દર્શાવવા માટે રહેતા હતા. આખાય કાર્યક્રમનું મુખ્ય સંચાલન ભાઈ રાજેશ રેવતકરે કર્યું હતું અને તેનું સહ–સંચાલન ભાઈ રમાકાન્ત અગરવાલે કર્યું હતું.

રસપ્રદ વાત તો એ હતી કે એક જ પુસ્તક ઘણાં બધાં જુદા જુદા સંદેશાઓ ધરાવતું હતું અને તેને તરહ તરહની દ્રષ્ટિએ જોતાં તેમાંથી કેટલાં નવા અને જુદા વિચારો પ્રગટ થતાં હતાં. અમને એવું લાગ્યું કે એક દિવસ 'તેમના' આશીર્વાદથી આપણે પ્રગતિ કરી શકીશું અને કોઈ પણ જાતના પૂર્વધારણોમાંથી મુક્ત થઈ શકીશું અને એ જોઈ અને સમજી શકીશું કે તેમના આ દિવ્ય લખાણ દ્વારા 'તેઓ' આપણને શું કહેવા માગે છે.

## જયપુરના બાળવિભાગની રજૂઆત



૧૧મી મેના રોજ, ૩થી ૧૭ વર્ષનાં ૪૦ બાળકોએ બે કલાકમાં તેમની ક્ષમતા દર્શાવી હતી. તેમની મૂલ્ય આધારિત વાર્તાઓ અને પૂ.માસ્ટર માટે પ્રેમ ઉભરાવતા ગીતો સાંભળીને અભ્યાસી શ્રોતાઓ ખૂબ ખુશ થયા હતા. તે પછી બે નાટકો રજૂ થયાં, જેનો સંદેશ હતો, 'ધર્મ ભાગલા પડાવે છે, જ્યારે આધ્યાત્મિકતા જોડે છે' અને 'ઈશ્વર સર્વત્ર છે'. બાળકો કેટલાક સમયથી દર રવિવારે ચિલ્ડ્રન સેન્ટરમાં આની પ્રેક્ટીસ કરતા હતા.

બાળકોની રજૂઆતથી પ્રોત્સાહિત થઈને કેટલાંક યુવાન અભ્યાસીઓ પણ સમૂહગાનમાં જોડાયાં હતાં. કાર્યક્રમનાં અંત સુધીમાં પૂ.માસ્ટરની ઉપસ્થિતિ ખૂબ જ અનુભવાતી હતી. એકંદરે બાળકો માટે પોતાની જાતને સ્ટેજ પર રજૂ કરવાનો આ અનુભવ બહુ સુંદર રહ્યો. પૂ.માસ્ટર પ્રત્યે બાળકોનાં વધતાં જતાં પ્રેમ અને કાળજી જોઈને અભ્યાસીઓ ખૂબ રાજી થયાં હતાં.



SRCM

# એકોઝ ઈન્ડીયા

જુલાઈ ૨૦૦૮ | માત્ર અંગત પ્રકાશન માટ | વર્ષ ૧ અંક ૪

## પ્રકાશનાં કેન્દ્રો

### હિમાલયનું એક બીજું દ્વાર – પિથોરાગઢ

"મેં આશ્રમોને પ્રકાશકેન્દ્રો કહ્યાં છે. પરંપરાગત એક એવી વાત છે કે, જ્યારે ઈશ્વરને લાગે કે સમય પાકટ થયો છે ત્યારે તે દિવ્યજગતના દ્વાર ખોલવા માટેની મંજૂરી આપે છે. પ્રથમ દ્વાર એ છે કે જેમાં આ દ્વારોની સ્થાપના કરવા એક મહાન વિભૂતિ આવે છે, જે બોધ આપે છે, સંદેશ આપે છે અને તે 'પોકારે' છે. ઉન્નતિ પામવા માટે બધાં લોકો એક સ્થળે આવીને ભેગાં થાય, તે માટે આપણે આશ્રમ બનાવીએ છીએ. જો તેનો ઉપયોગ યોગ્ય રીતે થાય, તો દરેક રીતે તે (આશ્રમ) દિવ્યજગતનું દ્વાર છે." ૧૯મી ડિસેમ્બર ૨૦૦૪ના રોજ જ્યારે પૂ.માસ્ટરે પિથોરાગઢ આશ્રમનું ઉદઘાટન કર્યું હતું, ત્યારે તેમણે ઉપરોક્ત શબ્દો કહ્યાં હતાં.






આ આશ્રમ સતખોલ આશ્રમની ઉત્તર–પૂર્વ દિશાએ આવેલા પિથોરાગઢ જિલ્લામાં, ૫૪૦૦ ફૂટની ઊંચાઈએ બંધાયેલો છે. આશ્રમની ડિઝાઈન ખુદ માસ્ટરે આપી છે. પૂર્વમાં નેપાળ અને ઉત્તરમાં તિબેટ વચ્ચે આવેલી હિમાલયની હારમાળાની વચ્ચે આશ્રમ જાણે છીપમાંનું મોતી હોય, તેવો દેખાય છે. પાંચસો જણને સમાવી શકે તેવો મેડિટેશન હોલ ઉપરાંત, ત્યાં માસ્ટરનું કોટેજ, રસોડું તથા એક રૂમ આવેલો છે.

આશ્રમનું બાંધકામ જ એક ગાથા છે. બાંધકામ માટેની સર્વ સામગ્રી લગભગ ૧૫૦ કિ.મી. જેટલી ઉપર ચઢાવવાની હતી. એપ્રિલ ૨૦૦૪માં બાંધકામ ચાલુ થયું હતું અને પૂ.માસ્ટરની કૃપાથી તે માત્ર ૯ મહિનામાં જ પૂરું થઈ ગયું હતું, જે ખરેખર આશ્ચર્યની વાત છે. હજી સુધી, અહીં ડોરમેટરિની વ્યવસ્થા થઈ નથી અને તેથી જ માસ્ટરે અભ્યાસીઓને આશ્રમની મુલાકાત લેવાની મંજૂરી નથી આપી, ત્યાં જવા માટે અગાઉથી મંજૂરી મેળવી લેવી આવશ્યક છે.





આ ન્યુઝલેટર ઈમેલ દ્વારા મેળવવા માટેની વેબસાઈટ છે: http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp
આપના પ્રતિભાવો, સૂચનો અને સમાચાર, લેખ મોકલવા મહેરબાની કરીને ઈમેલ કરો: in.newsletter@srcm.org
© ૨૦૦૮ શ્રી રામચંદ્ર મિશન ("SRCM"). સર્વ હક્ક સ્વાધીન.
"શ્રી રામચંદ્ર મિશન", "સહજ માર્ગ", "SRCM", "કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સ" અને મિશનનું પ્રતીક, શ્રી રામચંદ્ર મિશનના રજીસ્ટર્ડ ટ્રેડમાર્કસ છે.
વિષય માટે આ સંદેશમાં સુધારા કરી શકાય. આ સંદેશ માત્ર SRCMનાં સભ્યો માટે જ ઉપલબ્ધ છે.